## ડાયરેક્ટ ❤ સે

સમજાતું નથી
કહું તો શું કહું ?
ખોટું કહું છું
તો શબ્દો ગૂંગળાય છે
અને સાચું કહું છું
તો લોકો ખફા થાય છે.

## જન્મદિને વધામણી



દર્પ કિરીટ પાઠક
મો. ૯૦૩૩૯ ૭૨૫૭૦



હર્ષલ બ્રહ્મભટ્ટ

# એમ બી પટેલ સ્કૂલ દ્વારા શૈક્ષણિક મુલાકાત યોજાઈ

## ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટ ઑફિસ, મહાત્મા મંદિર અને કૅપિટલ રેલવે સ્ટેશનની મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ દ્વારા ધોરણ-૮ કની વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટ ઓફિસની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટ ઓફિસના જુદા-જુદા વિભાગો, બચતપત્રો, પોસ્ટકાર્ડનું મહત્ત્વ, સુકન્યા યોજના વગેરેની સુંદર માહિતી પોસ્ટમાસ્ટર હિરલબેન દ્વારા વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન મદદનીશ શિક્ષક પ્રવીણાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શાળા દ્વારા ધોરણ-૮ ડની વિદ્યાર્થીનીઓ માટે મહાત્મા મંદિરની મુલાકાત યોજવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીનીઓએ દાંડી કુટિરની મુલાકાત તથા ગાંધીજીના જીવન આધારિત પ્રસંગોથી ધન્યતા અનુભવી હતી. આ મુલાકાતનું આયોજન મદદનીશ શિક્ષક આરતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ-૮ ઈની વિદ્યાર્થીનીઓ માટે કૅપિટલ રેલવે સ્ટેશનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઈમટેબલ, વેઈટિંગ રૂમની ઉપયોગીતા, ગાર્ડનું કામ, વૉકીટૉકી દ્વારા થતી વાતચીત, ઈમર્જન્સી બ્રેક, જનરલ કોચ વગેરેની માહિતી વિદ્યાર્થીનીઓએ આ મુલાકાત દ્વારા મેળવી હતી. આ મુલાકાતનું આયોજન મદદનીશ શિક્ષક પુષ્પાબેન એસ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ ખાતે આજથી હિંડોળા ઉત્સવ

ગાંધીનગર, તા. ૧૦


શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, સૅક્ટર-૨૩ દ્વારા ૧૧ જુલાઈથી ૯ જુલાઈ દરમિયાન ભવ્ય હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારની વસ્તુઓ અને આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, વર્લી પેઈન્ટિંગ, પામ પેઈન્ટિંગ વગેરે કળાઓના માધ્યમથી હિંડોળા તૈયાર કરવામાં આવશે. ગુરુકુળ દ્વારા સૌ ભાવિકોને આ હિંડોળા ઉત્સવનો લાભ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૧૧ જુલાઈના રોજ આ હિંડોળા ઉત્સવનો ઉદ્ઘાટન સમારોહ સવારે ૮.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. હિંડોળા દર્શનનો સમય નિત્ય સવારે ૭થી ૯ અને સાંજે ૪થી ૬ દરમિયાનનો નિયત કરવામાં આવ્યો છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કડી ખાતે શિક્ષક તાલીમ કાર્યક્રમ



ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળામાં શિક્ષક પ્રવર્તમાન પ્રવાહોથી વાકેફ થાય તે હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી મુકામે શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં એસ. જી. અને એસ. ડી. પ્રાથમિક શાળા (કડી)ના ૧૦૦ શિક્ષકોને અમદાવાદમાં આવેલી શૌર્ય સંસ્થામાંથી આવેલ બિંદિયા ગુપ્તા અને રાધા ગાંધીએ **'Think out of the box'** વિષય પર તાલીમ આપી હતી, જે શિક્ષકો માટે લાભદાયી બની રહી હતી.

# વૈદિક પરિવાર દ્વારા આધ્યાત્મિક વ્યાખ્યાનો યોજાયાં







ગાંધીનગર, તા. ૧૦

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા ગત તા. ૮ અને ૯મી જુલાઈ, ૨૦૧૭નાં રોજ વૈદિક વ્યાખ્યાન માળા અંતર્ગત સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનાં વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતા. દરરોજ સાંજે ૪-૩૦ થી ૬-૦૦ તથા ૬-૧૫ થી ૭-૩૦ એમ બે સત્રોમાં સત્સંગનો કાર્યક્રમ ચાલ્યો હતો.

કેશવ ગૌશાળા-આર્યગ્રામ, રાંધેજા સ્થિત વિશાળ યજ્ઞશાળામાં આયોજીત આ દ્વિદિવસીય કાર્યક્રમમાં પ્રથમ દિવસે વેદોમાં ઈશ્વરનું સ્વરૂપ તથા ઉપાસનાથી થતા લાભો વિષય ઉપર વ્યાખ્યાન યોજાયા હતા. બીજા દિવસે વૈદિક કર્મફળ વ્યવસ્થા વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવેલ.

સ્વામીજીનાં વ્યાખ્યાનો બાદ છેલ્લો થોડો સમય શંકા સમાધાન માટે રાખવામાં આવ્યો હતો. જેમાં લોકોએ ઈશ્વરનાં સ્વરૂપ વિષયક અને કર્મફળ વિષય અનેક પ્રશ્નો પૂછીને તેનું સ્વામીજી દ્વારા શાસ્ત્રોક્ત અને તાર્કિક એમ બંને રીતે સમાધાન પ્રાપ્ત કર્યું હતું.

બીજા દિવસે ગુરૂપૂર્ણિમાનો અવસર હોવાથી બીજા સત્રના પ્રારંભમાં વૈદિક પ્રચારક અવધેશ પ્રસાદ પાંડેય દ્વારા ગુરૂનાં મહત્વ વિશે પ્રકાશ પાડ્યો હતો. વૈદિક પરિવારનાં સંયોજક મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા વૈદિક પરિવાર દ્વારા કરવામાં આવતી સામાજિક, સેવાકીય અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આર્યગ્રામનાં સંયોજક વૈદ્ય ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા આર્યગ્રામમાં ચાલતા જુદા જુદા પ્રકલ્પો વિશે સૌને માહિતગાર કરી આયુર્વેદ તરફ પાછા વળવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે ચાર વિશેષ વ્યક્તિઓનું વેદના સેટ અર્પણ કરી જાહેર સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વૈદિક પરિવારનાં મુખ્ય સંયોજક અરવિંદભાઈ રાણા, ગાંધીનગરનાં સંયોજક મહેન્દ્રભાઈ ગાંધી, વૈદિક પ્રચારક અવધેશ પ્રસાદ પાંડેય, પડિત શૈલેન્દ્ર મિત્ર શાસ્ત્રી, ગમનભાઈ પટેલ, નરશીભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, ડૉ. ચંદુભાઈ અંબવાણી સહિત અનેક કાર્યકરોએ પ્રસંશનીય કામગીરી કરી હતી.

## આર સી પટેલ હાઈસ્કૂલ ખાતે વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી હાઈસ્કૂલ ખાતે ધોરણ-૯થી ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ વચ્ચે વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ વિનોદભાઈ, સુપરવાઈઝર પ્રવીણભાઈ, કાનનબેન, કેતકીબેન અને સમગ્ર સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. નારાયણભાઈએ નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી. પ્રથમ ક્રમે દિશાંત નવનીતભાઈ પટેલ, બીજા ક્રમે ધૃવી જે ગઢવી અને ત્રીજા ક્રમે ડિમ્પલ પરમાર વિજયી બન્યાં હતાં. આભારવિધિ ડૉ. અરવિંદભાઈ પટેલે કરી હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમ સંચાલન વિદ્યાર્થી ધૃવી શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલય ખાતે વિદ્યાર્થી પ્રતિનિધિઓનો શપથ સમારોહ

ગાંધીનગર, તા. ૧૦

જીઈબી કૉલોની ખાતે કાર્યરત શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલય ખાતે શાળા પંચાયતના સભ્યોનો શપથવિધિ સમારોહ અને ગુરુના પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગુરુનું મહત્ત્વ સમજાવતું ભજન કલ્પનાબેન ચૌહાણે રજૂ કર્યું હતું. ગોવિંદભાઈ નસીતે અતિથિઓનો પરિચય આપ્યો હતો ને તેમનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જી ઍસ વિજય સિંધાએ મહેમાનોનું કુમકુમ તિલકથી સ્વાગત કર્યું હતું. પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ ગુરુ-શિષ્યના સંબંધોને ઉજાગર કરતું નાટક રજૂ કર્યું હતું. આચાર્ય જયંતીભાઈ વી પટેલે શાળાના ટ્રસ્ટી સ્વામી રામકૃષ્ણ શાસ્ત્રી અને વિષ્ણુભાઈ પટેલે અક્ષર સ્વામીનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ગુરુપૂજન કાર્યક્રમનું સંચાલન અને આયોજન મિતલબેન પટેલ અને નિકુંજ પરમારે કર્યું હતું. શપથગ્રહણ સમારોહમાં સ્વામી રામસ્વામીએ શાળાના જીઍસ અને ઍલઆરને તથા શાળા પંચાયતના સભ્યોને થર્મલ પાવર સ્ટેશનના ચીફ ઍન્જિનીયરે શપથ ગ્રહણ કરાવ્યા હતા. અક્ષર સ્વામીએ સૌ વિદ્યાર્થી પ્રતિનિધિઓને આશીર્વચન પાઠવ્યા હતા. આભાર દર્શન આચાર્ય જયંતીભાઈ વી પટેલે કર્યું હતું. સમારોહનું સંચાલન એ પી પટેલ અને કુંવરજીભાઈએ કર્યું હતું.

## બાલવાની સ્વામીનારાયણ હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ, બાલવામાં ઈકો ક્લબ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન શાળાના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત લીમડી, આસોપાલવ, બોરસલ્લી, ફાઈક્સ, સાગ જેવાં વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું હતું. સાથે મોગરો, જાસૂદ, ડગરફૂલ જેવા રંગીન ફૂલછોડ રોપવામાં આવ્યા હતા.

વૃક્ષારોપણ દરમિયાન ઈકો ક્લબના વિદ્યાર્થીઓએ ખૂબ જ ખંત અને ઉત્સાહ દાખવ્યો હતો અને વૃક્ષોની માવજતની જવાબદારી વહન કરવાનું વચન પણ આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય મહેશભાઈ બારોટના માર્ગદર્શન તળે યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા 'વૃક્ષો જમીનનું છે અણમોલ ધન, તેનો ઉછેર કરી હરખાશે મન' જેવા સૂત્રોચ્ચાર કરી કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન બનાવ્યો હતો.

(૧) કેન્દ્રીય નાણાં મંત્રાલયે જીઍસટીના અમલ બાદ તેની જાણકારી માટે કઈ મોબાઈલ ઍપ્લીકેશન શરૂ કરી છે ?
**(એ) જીએસટી રેટ્સ ફાઉન્ડર**
(બી) વન ટેક્સ ફાઉન્ડર
(સી) ગૂડ્સ એન્ડ સિંગલ ટેક્સ કાઉન્ટર
(ડી) ઉપર પૈકી એક પણ નહીં

(૨) તાજેતરમાં અમેરિકાએ કયા દેશ સાથે સિરીયામાં યુદ્ધ વિરામ માટે સમાધાન કર્યું છે ?
(એ) ચીન (બી) જાપાન
**(સી) રશિયા** (ડી) મંગોલિયા

(૩) જુલાઈ, ૨૦૧૭માં એશિયાઈ યુવા બોક્સિંગ ચેમ્પિયનશીપ ક્યાં યોજાઈ રહી છે ?
(એ) સિંગાપુર (બી) બ્રુનેઈ
**(સી) થાઈલેન્ડ** (ડી) કંબોડિયા

(૪) તાજેતરમાં ભારતે કયા દેશ સાથે ૪.૩ બિલિયન ડોલરા વ્યાપાર માટેના કરારો કર્યા છે ?
**(એ) જર્મની** (બી) ઈઝરાયલ
(સી) ઈટલી (ડી) અમેરિકા

(૫) જળવાયુ પરિવર્તન સામે વૈશ્વિક લડાઈમાં ભારત અગ્રણી બની ઊભરી રહ્યું છે એવું વિધાન કંઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ કર્યું છે?
(એ) વર્લ્ડ બૅન્ક
**(બી) આંતરરાષ્ટ્રીય મોનીટરીંગ ફંડ**
(સી) એશિયન ડેવલપમેન્ટ બેન્ક
(ડી) વર્લ્ડ ઈકોનોમીક ફોરમ





(૬) દેશમાં વધતા યૌન શોષણના ગુન્હાઓના વિરોધમાં કયા સામાજિક કાર્યકરે સુરક્ષિત બાળપણ સુરક્ષિત ભારત અભિયાનની શરૂઆત કરી છે ?
(એ) મલાલા યુસુફજઈ (બી) શ્રી શ્રી રવિશંકર
(સી) સ્મૃતિ ઈરાની **(ડી) કૈલાસ સત્યાર્થી**

(૭) તાજેતરમાં યુનેસ્કો સંસ્થા દ્વારા ભારત દેશના પ્રથમ હેરિટેજ સિટી તરીકે કયા સિટીને જાહેર કર્યું છે ?
(એ) બેંગલોર **(બી) અમદાવાદ**
(સી) જયપુર (ડી) મુંબઈ

(૮) જુલાઈ, ૨૦૧૭માં યુનેસ્કો સંસ્થાની ૪૧મી વાર્ષિક બેઠક કયા દેશમાં યોજાઈ હતી ?
(એ) પેરિસ (બી) પનામા (સી) લંડન **(ડી) પોલન્ડ**

(૯) ૨૦૧૭માં જી-૨૦ દેશોનું કેટલામું શિખર સંમેલન યોજાયું હતું ?
**(એ) ૧૨મું** (બી) ૧૩મું
(સી) ૧૪મું (ડી) ૧૫મું

(૧૦) ૨૦૧૭માં જી-૨૦ દેશોનું ૧૨મું શિખર સંમેલન કયા દેશમાં યોજાયું હતું ?
(એ) બ્રિટન (બી) જાપાન **(સી) જર્મની** (ડી) રશિયા

# જન્મની સાથે મૃત્યુ નક્કી છે પણ મરતાં પહેલાં ખુલ્લા આકાશમાં મન ભરીને ઉડવાનું છે

ઘણાં સમય પછી બે મિત્રો મળ્યા. ઉત્સાહપૂર્વક ભેટીને એકબીજાના હાલચાલ પૂછ્યાં. કલાકો બેસીને મનભરીને વાતો કરી. વર્ષો પછી મળેલા મિત્રની બૌદ્ધિક પ્રગતિ અને વાંચન જોઈને એક મિત્રએ બીજા મિત્રને કહ્યું કે, 'યાર, તું તારા આ અનુભવ અને વાંચનને આધારે એક સરસ પ્રોજેક્ટ પ્રોફાઈલ તૈયાર કરી શકે એમ છે અને એ પ્રોજેક્ટ જો તું તારી કંપનીના ચીફને પ્રસ્તુત કરી શકે તો કંપનીને ખૂબ ફાયદો થશે. સ્વાભાવિક રીતે જ કંપની તને રાઈઝ આપશે. મને લાગે છે કે, તારી પ્રગતિ એક ઝાટકે થાય એમ છે.'

પેલા મિત્રએ કહ્યું ' ભઈલા, હું જે જગ્યા પર છું ત્યાં ખુશ છું. મારું સ્થાન અને મારું વેતન બંન્ને મને યોગ્ય લાગે છે. જીવનમાં શું લઈને આવ્યા છીએ અને શું લઈને જવાના છીએ ? જે કાંઈ પણ મળ્યું છે એ મારી ક્ષમતા કરતાં પણ ઘણું વધારે છે. હું તો ઈશ્વરનો પાડ માનું છું કે, મને આ સ્થાન પર પહોંચાડ્યો છે.'

મિત્રએ ફરી આગ્રહપૂર્વક જણાવ્યું 'દોસ્ત, તારામાં ક્ષમતા છે. તારી પાસે આ દિશામાં કામ કરવાની શક્તિ છે. સંજોગો પણ સાનુકૂળ જણાય છે. પછી શા માટે તું તારી જાતને બાંધીને બેસી રહ્યો છે ?'



પેલા મિત્રએ ફરી પાછો ખોખારીને દ્રઢતાપૂર્વક જવાબ આપ્યો, 'આ ધન-દોલત કે સત્તા ક્યાં સાથે આવવાની છે. જે મળ્યું છે એનો જ આનંદ છે...' આવા લોકો એક વાયરસ જેવા છે. જંગલની ભયાનક આગ જેવા છે. બને ત્યાં સુધી આવા લોકોથી હંમેશા છેટા રહેવું સારું. પ્રત્યેક વસ્તુની અને ઘટનાનો એક ચોક્કસ સમય હોય છે. તમામ શક્તિને કામમાં ઓતપ્રોત કરીને આનંદ મેળવવાનો હોય છે. શ્રેષ્ઠતમ સ્થિતિ સુધી પહોંચવાનું હોય. માત્ર કામ જ શું કામ, પરિવારમાં પણ શ્રેષ્ઠ પતિ, શ્રેષ્ઠ પત્ની, શ્રેષ્ઠ પુત્ર કે પુત્રી બનીને રહે એ જ મસ્તીના મહાસાગરમાં મહાલી શકે.

સામાન્ય રીતે ઘણાં લોકો એમ કહેતા હોય છે કે, હું 'ગમે એટલી મહેનત કરીશ, મને આનું પરિણામ તો નહીં જ મળે. હું જેની માટે આટલી બધી કુરબાની આપી રહ્યો છું પણ એ મને સાચી રીતે નહીં જ સમજે...' આવા ડાયલોગ મારીને આગળ વધવાનો પ્રયાસ ન કરીને પલાયનવાદને પ્રોત્સાહન આપવાની જરૂર નથી. મરતી વખતે નેપોલિયન બોનાપાટ જેવા મહારથીનો જનાજો બે હાથ ખુલ્લા રાખીને નિકળ્યો હતો. આવું કહેવાવાળા કામચોર, આળસુ અને થર્ડ કેટેગરીના લોકો હોય છે. એક વાત સમજી લેવી પડે કે, પતંગનો જન્મ જ આસમાનમાં ઉડવા માટે થયો છે. પતંગનું ડેસ્ટીનેશન આકાશમાં ઉડવાનું હોય. એનો અંત તો કપાઈને કે ફાટીને કચરાના ઢગલામાં જ છે, પણ કપાવાની કે કચરામાં પડવાની ચિંતા સાથે પતંગનો જન્મ થતો નથી.





જે કોઈ પણ ક્ષેત્ર પસંદ કરીએ એ ક્ષેત્રમાં સૌથી ઉપર બેસવાની તમન્ના રાખવી જોઈએ. ક્ષેત્રના શ્રેષ્ઠ માણસો સાથે રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. શિખર પર બેઠેલા લોકો સાથે બેસવાથી મન અને હૃદય કેળવાય છે. મારે પણ આજે નહીં તો કાલે એક દિવસ આ શિખર પર બેસવાનું છે એવા નક્કર વિચારોના મૂળીયા નંખાવા જોઈએ.. મારે પણ ખતમ થવાનું છે અને બીજાએ પણ એક દિવસ ખતમ થવાનું છે. શા માટે ખોટી હાય-વોય કરવી ? એવી માનસિકતાવાળા લોકોથી હંમેશા બચતા રહેવું જોઈએ. આવા લોકો, કેન્સર જેવા છે. ન પોતે આગળ વધે, ન બીજાને આગળ વધવાની પ્રેરણા આપી શકે. વેપાર કરો તો સંબંધિત ક્ષેત્રના શ્રેષ્ઠ વેપારી સાથે બેસવાનું રાખો. વ્યવસાય કરો કે નોકરી કરો કે પછી અભ્યાસ કરો, શિખર પર બેસેલા વ્યક્તિ સાથે સંપર્ક રાખવાની દ્રષ્ટિ કેળવવી જરૂરી છે.

જે લોકો એમ કહે કે, વધુ ધનદોલત લઈને શું કરવું છે ? આખરે તો એક દિવસ ખાખમાં જ મળવાનું છે ને ? આવા લોકો અત્યંત ખતનાક આડાસર પેદા કરતાં હોય છે. આવા લોકો આખા સમાજમાં નકારાત્મકતાનું નરક ફેલાવે છે. આવા લોકોને કહેવુ પડે કે ભાઈ, તું મહેનત કરવાનુ ચાલુ રાખ. તુ જે વાધારે સમજે છે એવા તારા વધારાના રૂપિયા દાનમાં આપવાનો વિકલ્પ છે તારી પાસે. માઈક્રોસોફ્ટ કંપનીના બીલ ગેટ્સે તેની સંપત્તિ દાનમાં આપી પણ પુરુષાર્થ, મહેનત અને શ્રેષ્ઠતા સાઈડ પર ન મૂકી. વોરેન બફેટ, હિન્દુસ્તાનના અજીમ પ્રેમજી, ફેસબુકવાળો તરવરીયો યુવાન માર્ક ઝુકરબર્ગ કેટ કેટલા મજબૂત દાખલાઓ છે કે, જેમણે કામની ગતિને ઓછી ન કરી અને જરૂરતથી વધારે સંપત્તિ સમાજના ઉત્કર્ષ માટે દાનમાં આપી અલગ તારવી છે.

વિચાર એ કરવાનો રહે કે, જેટલી યોગ્યતા અને ક્ષમતા છે અને જેટલી સફળતા મળવી જોઈએ, તેટલી સફળતા મળી છે ખરી ? જો આ પ્રશ્નનો જવાબ 'હા'માં મળે છે, તો એ વ્યક્તિ માનસિક રીતે બિમાર છે. સફળતા માટે તો આકાશ પણ ઓછું પડે. આ તો એવી વાત થઈ કે, ૧૦ કિલોમીટર દોડવાની તાકાત છે પણ ૨ કિલોમીટર દોડીને ઊભા રહી જવાય. પાછળ જોઈએ તો અડધા કિલોમીટર દોડીને હાંફી ગયેલો અને ઊભો રહી ગયેલો વ્યક્તિ પણ છે. એના કરતાં તો બે કિલોમીટર દોડેલો વ્યક્તિ આગળ છે જ. પાછળ ઉભેલા વ્યક્તિને જોઈને એનાથી તો આગળ છું એમ વિચારવુ જ હોનારત સર્જનારી અને એલાર્મિંગ પરિસ્થિતિ છે. આ પછાડનારી માનસિકતા છે. એમાંથી બહાર આવવું પડે. જે જન્મ્યો છે તેણે મરવાનું છે એ નક્કી છે પણ મરતાં પહેલાં આસમાનમાં ઊડવાનુ છે. પોતાની જાતને પ્રશ્ન પૂછવો પડે કે, જે ક્ષેત્રમાં છીએ એ ક્ષેત્રમાં શ્રેષ્ઠ બની શક્યા છીએ કે નહીં ? પૃથ્વી પર જન્મ શા માટે લીધો છે ? ધરતી પર બોજ બનવા માટે જન્મ લીધો છે કે પછી ટાઈમ પાસ કરવા માટે સમયના વહેણની ઉપર હલેસા મારીને વર્ષો પસાર કરી રહ્યાં છીએ...!

ત્રણ કક્ષાના લોકો હોય. એક માત્ર ટકી રહેવા જેટલું જ કામ કરતાં હોય. જેને 'સર્વાઈવલ ગ્રેડ'ના એટલે કે, સાચવીને ચાલવાવાળા લોકો કહેવાય. બીજા એવા લોકો હોય કે, જે જરૂર જેટલી જ મહેનત કરે. થોડી પણ વધારે કે ઓછી મહેનત ન કરે. આવા લોકો 'પોઝીશન મેઈન્ટેઈનીંગ ગ્રેડ'ના એટલેકે પોતાનુ સ્થાન જાળવી રાખવાની કક્ષાના હોય છે. અને ત્રીજા એવા લોકો હોય છે કે, જે આવશ્યકતા કરતાં અને સરેરાશ કામ કરવાવાળા કરતાં ઘણાં આગળ હોય અને ઘણું વધારે કામ કરતાં હોય આવા લોકો 'ટોપ ગ્રેડ'માં એટલે કે અવ્વલ કક્ષામાં આવતા હોય છે.

મહાન બનેલા પાંચ-સાત વ્યક્તિઓની આત્મકથા વાંચો તો દરેક આત્મકથાનું સારતત્વ એક સરખુ જ લાગશે. શ્રેષ્ઠતા ભણી પહોચવાની દોડના માર્ગમાં આવતી મુશ્કેલીઓ લગભગ એક સરખી જણાશે. પારિવારિક તકલીફો, મિત્રોની મજાક, સાથીઓની ખેંચતાણ વગેરે વગેરે પ્રશ્નો એક સમાન જ હોય. પણ સ્વરૂપ કદાચ જૂદા હોય. વ્યક્તિની ઉંચાઈ આસપાસના લોકોની કક્ષા ઉપરથી નક્કી થતી હોય છે. પ્રત્યેક ઉંમરની એક અલગ મોજ હોય છે. દરેક અવસ્થામાં અનુભવના નીચોડનો આનંદ અને કાર્ય કરવાનો તરવરાટ હોય છે.

પ્રત્યેક ઉમર અનુભવની અબજ રૂપિયાની ગલીમાંથી પસાર થતી હોય છે. મુસીબતો જીવનની સચ્ચાઈ છે. અમેરિકાના સૌથી લોકપ્રિય રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનનું બાળપણ ખૂબ જ ગરીબીમાં વિત્યું. એવી જ રીતે ભારતના જાણીતા ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજની આર્થિક સ્થિતિ પણ અત્યંત નબળી હતી. નેલ્સન મંડેલા, કર્નલ એન્ડર્સ, વોલ્ટ ડિઝની જેવા ઘણા સફળ લોકોએ પોતાના જીવનમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કર્યો છે. ગરમ ચાની ઉપર જામેલી તોર જોઈ છે ને ! તોરને ફૂંક મારો અને પછી મોજથી ચાનો ઘુંટડો ગળા નીચે ઉતારો. મુસીબતોનું પણ એવું જ છે ચા પર જામેલી તોરને મારવામાં આવતી ફૂંકની જેમ મુસીબતોને ફૂંક મારો, એને દૂર હડસેલો અને પછી સફળતાની ગરમા ગરમ ચાની ચૂસકી મારો...

**ધબકાર**

લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂર છે, દમદાર સંકલ્પની. ઉડવા માટે પાંખો કરતાં વધુ જરૂર હોય છે દ્રઢ સંકલ્પની.